પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૪૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૨-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# BBCની દિલ્હી-મુંબઈ ઓફિસમાં ITની રેડ

નવીદિલ્હી,

બીબીસીના દિલ્હી અને મુંબઈ ઓફિસમાં આયકર વિભાગની ટીમ પહોંચી પહોંવાની જાણકારી મળી છે. દિલ્હીના કેજી માર્ગ વિસ્તારમાં એચટી ટાવરના પાંચમા અને છઠ્ઠા માળે મ્મ્ઝની ઓફિસ છે. અહીં આઈટીની ૨૪ સભ્યોની ટીમે રેડ કરી છે. સૂત્રોએ જણાવ્યું પ્રમાણે એકશન દરમિયાન સ્ટાફના ફોન બંધ કરાવી દેવામાં આવ્યા હતાં. બધાને મિટિંગ રૂમમાં બેસાડી દેવામાં આવ્યા હતાં સાથે જ, ઓફિસમાં અવર-જવર બંધ કરી દેવામાં આવી હતી બીબીસી ઈન્ડિયાના મેનેજમેન્ટે



રેડની સૂચના લંડન હેડક્વાર્ટરને આપી હતી.

બીજી બાજુ, મુંબઈના સાંતાક્રૂઝ વિસ્તારમાં બીબીસી સ્ટૂડિયોઝમાં પણ ઈક્મટેકસ વિભાગની ટીમ પહોંચી હતી આયકર વિભાગનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બીબીસી ઉપર ઈન્ટરનેશનલ ટેક્સમાં ગડબડીનો આરોપ છે. જેને લઈને સર્વે કરવામાં આવી રહ્યો છે. જોકે, આયકર વિભાગ કે મ્મ્ઝ તરફથી હાલ આ રેડને લઈને કોઈ જાણકારી આપવામાં આવી નથી.

આયકર વિભાગનાં સૂત્રો પ્રમાણે, બીબીસી ઉપર ઈન્ટરનેશનલ ટેક્સમાં ગડબડીનો આરોપ છે. જેને લઈને સર્વે કરવામાં આવી રહ્યો છે. જોકે, આયકર વિભાગ અથવા બીબીસી તરફથી આ રેડને લઈને કોઈ અપડેટ આવી નથી. કોંગ્રેસે આઈટીની આ કાર્યવાહીને બીબીસી ડોક્યુમેન્ટ્રી ઉપર બેન સાથે જોડી છે. કોંગ્રેસે ટ્વિટ કરીને કહ્યું, પહેલાં બીબીસીની ડોક્યુમેન્ટ્રી આવી, તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. હવે બીબીસી ઉપર આયકર વિભાગે રેડ કરી.

કોંગ્રેસના નિવેદન પછી ભાજપ સાંસદ રાજ્યવર્ધન સિંહ રાઠોડે કહ્યું- કોંગ્રેસ કટોકટીની વાત કરે નહીં. પ્રેસની આઝાદીની વાત કરનાર પોતે અરીસો જુએ. તેમણે કહ્યું- એઓ. હ્યૂમની બનાવેલી પાર્ટી કોંગ્રેસનું ચાલ-ચરિત્ર હજુ પણ બ્રિટિશ જ છે. એવું લાગે છે કે ૧૯૪૭માં અંગ્રેજોએ ભારત છોડ્યા પછી દેશમાં બીબીસીના વિભાજનકારી એજન્ડાને આગળ વધારવાનું કામ કોંગ્રેસને સોંપવામાં આવ્યું. ઠીક છે, જેઓ કટોકટી અને પ્રેસની સ્વતંત્રતાની વાત કરે છે તેઓએ અરીસામાં જોવું જોઈએ.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે બીબીસીની રેડ અંગે કહ્યું કે અહીં અમે જેપીસીની માગ કરી રહ્યા છીએ, ત્યાં બીબીસી ઉપર ઈક્મટેક્સની રેડ પડી રહી છે... વિનાશ કાલે વિપરીત બુદ્ધિ... જયરામ રમેશનું આ નિવેદન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ઈન્ટરવ્યૂ પછી આવ્યું છે જેમાં તેમણે કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી પાસે છુપાવવા કે ડરવા જેવું કંઈ નથી. જયરામ રમેશે કહ્યું કે તેમણે અદાણી કેસની નિષ્પક્ષ તપાસ માટે આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસ અને સેબીના વડા માધાબી પુરી બુચને લેટર લખ્યો છે.

બીબીસીના ઓફિસો ઉપર આઈટી રેડના સમાચારને ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ આશ્ચર્ય કરનાર સમાચાર જણાવ્યા છે. મોઈત્રાએ ટ્વિટ કર્યુ- બીબીસીની દિલ્હી ઓફિસમાં આયકર વિભાગની રેડ...ખૂબ જ સરસ...આશ્ચર્ય કરનાર

હાલમાં જ બીબીસીની એક ડોક્યુમેન્ટ્રી આવી હતી. આ ડોક્યુમેન્ટ્રી ૨૦૦૨નાં ગુજરાત તોફાન ઉપર હતી. કેન્દ્ર સરકારે પ્રોપેગેન્ડા જણાવી આ ડોક્યુમેન્ટ્રી ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. તેને લઈને સુપ્રીમ કોર્ટમાં પણ અરજી દાખલ કરવામાં આવી છે. એવામાં વિપક્ષ આયકર વિભાગની રેડને બીબીસીની ડોક્યુમેન્ટ્રી સાથે જોડીને કેન્દ્ર ઉપર નિશાન સાધી રહ્યો છે.

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન વર્લ્ડ સર્વિસ ટેલિવિઝન બ્રિટિશ સરકારની સંસ્થા છે. તે ૪૦ ભાષાઓમાં સમાચારોનું પ્રસારણ કરે છે. બ્રિટનની સંસદના ગ્રાન્ટ દ્વારા તેનું ફંડિંગ કરે છે. તેનું સંચાલન ફોરેન એન્ડ કોમનવેલ્થ ઓફિસ દ્વારા થાય છે. તે ડિજિટલ, કલ્ચર, મીડિયા અને સ્પોર્ટ્સ વિભાગ હેઠળ કામ કરે છે. બીબીસીને એક રોયલ ચાર્ટર હેઠળ વર્ષ ૧૯૨૭માં શરૂ કરવામાં આવી હતી.

## ઘઉંના ભાવ ઘટયા ત્યાં કઠોળમાં તેજી : સીંગતેલ વધુ ઉંચકાયુ

રાજકોટ,

લાંબા વખતથી મોંઘવારીમાં પિસાતી પ્રજાને કોઈ રાહત મળતી ન હોય તેમ વારાફરતી એક પછી એક ખાદ્યચીજોમાં ભાવવધારાથી રસોડાનું બજેટ ખોરવાયેલું જ રહયું છે. છેલ્લા પખવાડીયામાં ઘઉંના ભાવમાં માંડ રાહત મળી છે તો હવે કઠોળ તથા ખાદ્યતેલના ભાવ સળગવા લાગ્યા છે. ઘઉંમાં આખુ વર્ષ તેજી અને ઉંચા ભાવ રહયા બાદ છેલ્લા પખવાડીયામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારે ભાવવધારો રોકવા ૩૦ લાખ ટન ઘઉં ખુલ્લા બજારમાં ઠાલવવાને પગલે માનસ નબળું પડતું હતુ અને વધારામાં નવી સીઝન શરૂ થવાની અસર હતી.

ગત મહનિામાં પ્રતિ કવીંટલ રૂા. ૩૦૦૦થી અધિકના ભાવ દેખાડનારા ઘઉં હવે ૨૫૦૦ના સ્તરે પહોંચી ગયા છે.નવા ઘઉંની ધીમી આવક શરૂ થઈ જ ગઈ છે અને આવતા મહિનામાં જોર પકડવા લાગશે તેવી ગણતરીએ ભાવ સતત ઘટી રહયા છે. રાજકોટ યાર્ડમાં કેટલાક દિવસોથી ૫૦૦થી ૬૦૦ના સ્તરે રહેલા ઘઉંના ભાવ નીચે ઉતરી ગયા છે. આજે લોકવન ઘઉંના ૪૮૦ થી ૫૪૦ તથા ટુકડા ઘઉંના ૪૯૦થી ૫૮૦ હતા. ઘઉંમાં મહિનાઓ બાદ રાહત મળવા છતા બાજરી, જુવારના ભાવ ઉંચા જ રહયા છે. અને જયાં હવે તુવેર, અડદ જેવા કેટલાક કઠોળમાં તેજી થઈ છે. તુવેર તુવેરદાળની સીઝન ટાણે તેમાં એક જ દિવસમાં પ્રતિ કવીંટલ ૫૦૦ રૂપીયાનો ઉછાળો નોંધાયો હતો. ભાવ ૭૫૦૦ થી ૭૭૦૦ થયો હતો. હવે તુવેરદાળ પણ મોંઘી થઈ શકે છે. તુવેરના ઉત્પાદનમાં ૨૦ ટકા જેવો કાપ આવવાના એંધાણથી તેજી થયાનું કહેવાય છે. રાજકોટ યાર્ડમાં ૭૨૦ કવીંટલની આવક તુવેરનો ભાવ ૧૨૦૦ થી ૧૫૭૦ હતો. અડદમાં પણ તેજી રહી વ્યાપારીઓના કહેવા પ્રમાણે આયાતી માલમાં વિલંબ થવાની અટકળોથી ભાવવધારો છે.મગ, ચોળી, વાલ વગેરેનો ભાવ પણ ઉંચા જ છે. બીજી તરફ સીંગતેલમાં આજે સતત બીજા દિવસે ડબ્બે રૂ. ૩૦નો ભાવવધારો હતો. ચીનની ખરીદી તથા મગફળીના ઉંચાભાવથી તેજી થઈ છે. સીંગતેલ ૧૦ કીલો લુઝનો ભાવ ૧૭૨૦માં ટકેલ હતો. પરંતુ સીંગતેલ ટેકસપેઈડ તથા ટીનનો ભાવ વધુ રૂ.૩૦ના ઉછાળાથી ૨૭૯૦થી ૨૮૫૦ રહયો હતો.

## વર્ગ-૪ના કર્મચારીઓની દીકરીઓના હિતમાં નિર્ણય, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળેલી ભેટ સોગાદોની હરાજી થશે

ગાંધીનગર,

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોટો નિર્ણય જાહેર કર્યો છે. તેમને મળેલી ભેટને હરાજી કરી સચિવાલયમાં કામ કરતાં ૪થા વર્ગનાં કર્મચારીઓની દીકરીઓનાં અભ્યાસ માટે આપવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તોષખાનાની ભેટ -સોગાદોનો સર્વે કરવા માટે અધિકારીઓને સુચના પણ આપી દીધી છે. આ પ્રણાલી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરુ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પોતાનો મોટો નિર્ણય જાહેર કર્યો છે. જેમા તેમને મળેલી ભેટને હરાજી કરવામાં આવશે અને હરાજીમાથી મળેલી રકમને દીકરીઓનાં અભ્યાસ માટે વાપરવામાં આવશે. આ હરાજીની રકમ સચિવાલયમાં કામ કરતાં ૪થા વર્ગનાં કર્મચારીઓની દીકરીઓનાં અભ્યાસ માટે આપવામાં આવશે. આ બાબતે ભૂપેન્દ્ર પટેલે તોષખાનાની ભેટ -સોગાદોનો સર્વે કરવા માટે અધિકારીઓને સુચના પણ આપી દીધી છે. આ પ્રણાલી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરુ કરી હતી. જે પછી આજે ભૂપેન્દ્ર પટેલે પણ આલ પ્રણાલી અપનાવી છે.

## અદાણી-હિડનબર્ગ વિવાદ

## ભાજપ માટે છૂપાવવા જેવું કંઈ નથી અને ન તો ડરવા જેવું કંઈ છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

નવીદિલ્હી,

ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીટાણે ફરી એકવાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પોતાના અંદાજમાં કેમેરા સામે આવ્યા અને અનેક સવાલોના બેખૌફ થઈને જવાબ આપ્યાં. જેમાં તેમણે અદાણી અને મોદીની દોસ્તીના વિપક્ષા આરોપો અને અદાણી-હિડનબર્ગ વિવાદ અંગે પણ ખુલીને જવાબ આપ્યો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રિપુરા વિધાનસભા ચૂંટણી પર કહ્યું હતું કે અમે



ત્રિપુરામાં પરિસ્થિતિ બદલવા માટે 'ચલો પલટાઈ' નારો આપ્યો હતો અને આજે અમે પરિસ્થિતિ બદલી છે. અમે સારું બજેટ બનાવ્યું છે. અમે હિંસાનો અંત લાવ્યા છીએ. ડ્રગ્સના વેપાર પર કડક કાર્યવાહી કરી છે. અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને હિંડનબર્ગ રિપોર્ટના મામલે તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે આ મામલાની નોંધ લીધી છે. કેબિનેટના સભ્ય હોવાના કારણે મારા માટે અત્યારે આ મુદ્દે કંઈપણ કહેવું યોગ્ય નથી. તેમણે કહ્યું કે, પરંતુ આમાં ભાજપ માટે છૂપાવવા જેવું કંઈ નથી અને ન તો ડરવા જેવું કંઈ છે. તેમણે કહ્યું હતું કે જો ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમયમાં ૯-૨૦નું નેતૃત્વ મળ્યું છે અને ૯-૨૦ સફળ છે તોઁ ર મોદીને તેનો શ્રેય મળવો જોઈએ. તેમણે કહ્યું કે તે કેમ નથી મળતું?... જો પ્રોડક્ટ સારી હોય તો તેનું માર્કેટિંગ ખૂબ જ ધામધૂમથી કરવું જોઈએ. તેમણે કહ્યું કે પીએમ મોદીએ નોર્થ-ઈસ્ટ અને બાકીના ભારત વચ્ચેનું અંતર ખતમ કરી દીધું છે. આજે, ઉત્તર-પૂર્વના લોકો તેમના હૃદયમાં અનુભવે છે કે અન્ય ભાગોમાં આપણું સન્માન છે. જો અન્ય રાજ્યોના લોકો ઉત્તર-પૂર્વમાં જાય છે તો તેઓ પણ તેમનું સન્માન કરે છે.

## ગુજરાત વિધાનસભાના સત્ર પહેલા યોજાનાર કાર્યશાળાનો પ્રારંભ

ગાંધીનગર,

ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સંસદીય કાર્યપ્રણાલીના નિયમોથી માહિતગાર થાય તે આશયથી ગુજરાત વિધાનસભા દ્વારા તા. ૧૫ અને ૧૬મી ફેબ્રુઆરીના રોજ બે દિવસીય "સંસદીય કાર્યશાળા"નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભામાં તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાજીના હસ્તે સંસદીય કાર્યશાળાનું ઉદ્ઘાટન થશે. જયારે તા. ૧૬મી ફેબ્રુઆરીના રોજ સાંજે રાજયપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતિમાં સંસદીય કાર્યશાળાનું સમાપન થશે. આ સંસદીય કાર્યશાળામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અતિથી વિશેષ પદે યોજાશે.

સંસદીય કાર્યશાળાના આયોજન ની વિગતો આપતા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે,બે દિવસીય આ સંસદીય કાર્યશાળામાં ૧૦થી વધુ વિષયો પર વિવિધ સત્ર યોજાશે. જેમાં સંસદીય લોકશાહીમાં જન પ્રતિનિધિઓની ભૂમિકા, વિધાનસભાની કાર્યવાહી અંતર્ગત શું કરી શકાય અને શું ન કરી શકાય?, સ્ટ્રેસ મેનેજમેન્ટ, સુદ્રઢ લોકશાહી માટે બંધારણીય સંસ્થાઓની ભૂમિકા,સંસદીય વિશેષાધિકારો અને નીતિમત્તાના ધોરણે, જી-૨૦માં ભારતનું પ્રમુખ સ્થાન, સંસદીય પ્રશ્નો અને તાકીદની જાહેર અગત્યની બાબતો પર ચર્ચા ઉપસ્થિત કરવાની નિયમ હેઠળની પદ્ધતિઓ, કારોબારી તંત્ર પર વિધાનસભાની સમિતિઓનો સંસદીય અંકુશ, વિધાનસભામાં નાણાકીય કામકાજ, વિધાનસભામાં કાયદો ઘડવાની પ્રક્રિયા જેવા વિવિધ વિષયોને આવરી લેવાશે. આ તમામ વિષયો પર સંસદના નિષ્ણાંતો, તજજ્ઞો તેમજ વિવિધ વિષયના નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાશે.

ગુજરાત વિધાનસભા ખાતે યોજાનાર આ બે દિવસીય સંસદીય કાર્યશાળામાં ચૂંટાયેલા તમામ પક્ષના ધારાસભ્ય ઓ, સંસદસભ્યોશ્રી, પૂર્વ અધ્યક્ષઓ, પૂર્વ મુખ્યમંત્રી શ્રીઓ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રીઓ સહિત બુદ્ધિષ્ઠ નાગરિકો સહભાગી બનશે.

## રાહુલ ગાંધીના વિમાનને વારાણસી એરપોર્ટ પર ઉતરવાની મંજૂરી આપવામાં આવી ન હતી

નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની પ્રયાગરાજ મુલાકાત રદ્દ કરવામાં આવી છે. પ્રવાસ રદ્દ થવાને લઈને કોંગ્રેસે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીનું ચાર્ટર્ડ પ્લેન કેરળના વાયનાડથી ટેકઓફ થયું હતું, પરંતુ તેમને વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. કોંગ્રેસ નેતાઓએ આરોપ લગાવ્યો કે ભાજપ રાહુલ ગાંધીથી ડરે છે. આ અંગે વારાણસી એરપોર્ટ પ્રશાસનનું નિવેદન આવ્યું છે. વારાણસી એરપોર્ટે ટ્વીટ કર્યું છે કે, ૧૩ ફેબ્રુઆરીએ એમ એસ એર એરવેજ દ્વારા એએઆઇ વારાણસી એરપોર્ટને ઈમેલ મોકલીને ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. મહેરબાની કરીને તમારું નિવેદન સુધારી લો કારણ કે ફ્લાઈટ ઓપરેટર દ્વારા રદ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ ભાજપ પર આરોપ લગાવી રહી હતી કે તેમના કારણે જ ફ્લાઈટને ત્યાં જ વારાણસી પહોંચવા દેવામાં આવી ન હતી.

કોંગ્રેસે મંગળવારે આરોપ લગાવ્યો કે મોડી રાત્રે રાહુલ ગાંધીના વિમાનને વારાણસી એરપોર્ટ પર ઉતરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને આ બદલો લેવા માટે કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય રાયે આક્ષેપ કર્યો હતો કે, વાયનાડ સંસદીય મતવિસ્તારમાંથી પરત ફરતી વખતે રાહુલ ગાંધીનું વિમાન અહીંના એરપોર્ટ પર લેન્ડ થવાનું હતું, પરંતુ એરપોર્ટ ઓથોરિટીએ પ્લેનને છેલ્લી ક્ષણે ઉતરવાની મંજૂરી આપી ન હતી.

અજય રાયે કહ્યું કે, કોંગ્રેસના પૂર્વ વડા રાહુલ ગાંધી મંગળવારે પ્રયાગરાજની કમલા નેહરુ મેમોરિયલ હોસ્પિટલમાં એક કાર્યક્રમ માટે પ્રયાગરાજ જવાના હતા. વારાણસી એરપોર્ટના ડાયરેક્ટર આર્યમા સાન્યાલે પીટીઆઈને જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીના આગમન અંગે અગાઉથી કોઈ માહિતી નહોતી. તેમણે કહ્યું કે છેલ્લી ક્ષણે તેમને ફ્લાઈટ કંટ્રોલર પાસેથી માહિતી મળી કે એરપોર્ટ પર ગાંધીનું લેન્ડિંગ શેડ્યૂલ રદ્દ કરવામાં આવ્યું છે.

## નીતીશ કુમાર ઉપર રેલી દરમિયાન હુમલો : ઔરંગાબાદમાં સમાધાન યાત્રા દરમિયાન મુખ્યમંત્રી માંડ-માંડ બચ્યા

ઔરંગાબાદ,

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર સોમવારે માંડ-માંડ બચી ગયા હતા. ઔરંગાબાદમાં ભીડમાંથી તેમના પર તૂટેલી ખુરસીનો ટુકડો ફેંકવામાં આવ્યો હતો. ટુકડો સીએમ તરફ ઝડપથી આવ્યો. જોકે સીએમ બચી ગયા હતા. આ પછી ત્યાં ભાગદોડ મચી ગઈ હતી. સુરક્ષાકર્મચારીઓએ તેમને ઘેરી લીધા હતા.સમાધાન યાત્રા દરમિયાન મુખ્યમંત્રી નીતીશ કુમાર ઔરંગાબાદના બારુણ પ્રખંડના કંચનપુર પહોંચ્યા. અહીં મુખ્યમંત્રીએ પંચાયલ ભવનનું ઉદઘાટન કરવાનું હતું. અહીં ઉદઘાટન પછી સીએમ સુરક્ષાકર્મચારીઓ સાથે જવા લાગ્યા. આ દરમિયાન ભીડમાંથી મુખ્યમંત્રી તરફ ખુરસીનો ટુકડો આવ્યો.



ખુરસીનો ટુકડો ફેંકવાની જાણકારી મંચ પરથી પણ આપવામાં આવી, પરંતુ કોણે ફેંક્યો એની ઓળખ થઈ શકી નહીં. ડ્રોન મોનિટરિંગની સ્થિતિમાં જ ફેંકનારની ઓળખ થઈ શકતી હતી, પરંતુ ત્યાં ડ્રોન હતું નહીં.

આ મામલે ઔરંગાબાદ જિલ્લા પ્રશાસન તરફથી સ્પષ્ટીકરણ પણ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ખુરસીનો ટુકડો સીએમ તરફ કોઈ ષડયંત્ર સાથે ફેંકવામાં આવ્યો નથી. ત્યાં લોકો અતિઉત્સાહમાં નારેબાજી કરી રહ્યા હતા, થોડાં બાળકો સીએમને જોવા માટે ખુરસી ઉપર ચઢી ગયાં હતાં. લગભગ આ સ્થિતિમાં ખુરસી તૂટી ગઈ અને એનો ટુકડો ઊછળીને અંદર આવી ગયો હશે.

નોંધનીય છે કે કાર્યક્રમ પછી લોકો પોતાની સમસ્યા સીએમને જણાવવા ઈચ્છતા હતા, પરંતુ સુરક્ષાના કારણે તેઓ સીએમ પાસે જઈ શક્યા નહીં. આ દરમિયાન કોઈએ ગુસ્સામાં આવીને ખુરસીનો ટુકડો ફેંક્યો હોઈ શકે છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ભલાડા સેવા સહ. મં.લી.

ચેરમેન : રમણભાઈ પટેલ (વા.ચેરમેન PDC)

સંચાલક : મયંકભાઈ

તરફથી અભીનંદન....

તા.લુણાવાડા, જી.મહીસાગર

## ભાગેડુ હિરા વેપારી નિરવ મોદીના બે ફલેટની હરરાજી નિષ્ફળ રહી

મુંબઈ,

ભાગેડુ હીરા વેપારી નિરવ મોદીની લગભગ ૧૮ કરોડ રૂપિયાની બે મીલકતની ત્રણ ફેબ્રુઆરીએ કરવામાં આવેલી હરરાજી નિષ્ફળ રહી હતી.આ પ્રોપર્ટી ખરીદવા કોઈ આગળ ન આવતા અને ભાવ ઘટી જતાં ફરી આ પ્રોપર્ટીની હરરાજી થશે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ભાગેડુ હીરા કારોબારી અને પીએનબી પંજાબ નેશનલ બેંકનાં ૭૦૨૯ હજાર કરોડ રૂપિયાનાં બાકીદાર નીરવ મોદીની પૂના સ્થિત લગભગ ૧૮ કરોડ રૂપિયાની બે પ્રોપર્ટીની હરરાજી ૩ ફેબ્રુઆરીએ યોજાઈ હતી જેને ખરીદવા કોઈ આગળ ન આવતા આ હરરાજી બેકાર રહી હતી.

આથી હવે મુંબઈનાં વસુલી અધિકારી આશુકુમારે ગુરૂવારે પીએનબી દ્વારા દાખલ એક કસમ મોદી અને તેની માલીકીના બે ફલેટોની ઓછા ભાવમાં ફરીથી હરરાજી કરવાનો આદેશ આપ્યો છે. આ સંપતીની ઈ-હરરાજી ૨૦ માર્ચ ૨૦૨૩ સુધી કરવાને પીએનબીના લગભગ ૧૧,૭૧૭ કરોડની બાકી વસુલીનો એક ભાગ વસુલવાનો પ્રયાસ માનવામાં આવે છે.

## પીએમ મોદીએ પુલવામા હુમલાના શહીદોને યાદ કર્યા : તેમના બલિદાનને ક્યારેય નહીં ભૂલીએ

નવીદિલ્હી,

૧૪ ફેબ્રુઆરીના દિવસે જ ૪ વર્ષ પહેલા જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો. બપોરે લગભગ ૩: વાગ્યે જૈશ-એ-મહોમ્મદના એક આતંકવાદીએ શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર ઝૅઈહ્વના કાફલામાં વિસ્ફોટક લઈને જઈ રહેલા એક વાહનને ટક્કર મારી દીધી હતી. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ થયેલા આ હુમલા બાદ ભારતે તેનો બદલો લેવા માટે સરહદ પાર આતંકવાદી તાલીમ કેમ્પોને નિશાન બનાવ્યા હતા. ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સે બાલાકોટ પર સર્જિકલ



એર સ્ટ્રાઈક કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુલવામા હુમલાની ચોથી વરસી પર શહીદોને યાદ કર્યા છે. તેમણે કહ્યું કે, અમે આપણા વીર જવાનોને યાદ કરીએ છીએ જેને અમે આ દિવસે પુલવામા હુમલામા ગુમાવી દીધા હતા. અમે તેમના સર્વોચ્ચ બલિદાનને ક્યારેય ભૂલી ન શકીએ. તેમની હિંમત આપણને મજબૂત અને વિકસિત ભારત બનાવવાની પ્રેરણા આપે છે.

કોંગ્રેસના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ પર પણ પુલવામા હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. કોંગ્રેસનું કહેવું છે કે, પુલવામાં આતંકવાદી હુમલામાં દેશ માટે પોતાના પ્રાણોની આહૂતિ આપનારા શહીદ થયેલા જવાનોને શત શત સલામ. આજે અમે ભારત માતાના બહાદુર સપૂતોને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. ભાજપના કાર્યકરો અને નેતાઓએ પણ શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. ભાજપના નેતા કપિલ મિશ્રાએ કહ્યું કે, 'કભી ભૂલેંગે નહીં કભી માફ કરેંગે નહીં'. પુલવામા હુમલામાં શહીદ થયેલા આપણા બહાદુર જવાનોને લાખો સલામ. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પણ ભાવુક શ્રદ્ધાંજલિ આપી હતી. તેણે ટ્વીટ કરીને લખ્યું, 'પુલવામા આતંકી હુમલાના બહાદુર શહીદોને શ્રદ્ધાંજલિ. ભારત તેમના સર્વોચ્ચ બલિદાનને હંમેશા યાદ કરશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાના કાકાના ભેંસાવાડા પ્રાથમિક શાળામાં માતાપિતા પૂજન દિવસની ઉજવણી





તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,

ભારતીય સંસ્કૃતિની સભ્યતાનો બાળકો અને યુવાનો આદર કરે અને ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના ઘડવૈયા બને તે હેતુસર મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં માતાપિતા પૂજન દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું.

મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અવનીબા મોરીએ નવતર અભિગમ દ્વારા શાળાઓને સંદેશ પાઠવ્યો કે આપણે ભારતવાસીઓ પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સદૈવ ઋણી છીએ. પ્રવર્તમાન સમયમાં આપણા બાળકો અને યુવાનોનું ચારિત્ર્યનું રક્ષણ કરવું તે પણ શિક્ષણ જગત વતી એક સામાજિક જવાબદારી છે. બાળકો અને યુવાનો સ્વ-સંસ્કૃતિ પ્રત્યે અભિમુખ બની સંસ્કારમય જીવન પ્રાપ્ત કરે તેમજ શાશ્વત મૂલ્યોનું જતન કરે. ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના ઘડવૈયા બને તે હેતુસર ૧૪ ફેબ્રુઆરી નિમિત્તે માતા-પિતાના પ્રેમ, સમર્પણ અને પુરૂષાર્થના આદર સાથે વાસ્તવિક પ્રેમ દિવસ મનાવે. વધુમાં તેમણે ૧૪ ફેબ્રુઆરી માતા-પિતા પુજન દિવસના ઉપલક્ષમાં આ સપ્તાહમાં ૧૭ ફેબ્રુઆરી સુધીમાં કોઈ એક દિવસે શાળાઓએ પોતાની અનુકુળતા મુજબ બાળકો આદર અને સન્માન સહ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પોતાના માતા-પિતાનું પુજન કરે તે માટે માતાપિતા પૂજન દિવસની ઉજવણી કરવાનું સ્વૈચ્છિક આયોજન કરવામાં પ્રેરક સંદેશમાં જણાવાયું હતું.

આ સંદેશના ભાગરૂપે લુણાવાડા તાલુકાના કાકાના ભેંસાવાડા પ્રાથમિક શાળામાં માતાપિતા પૂજન દિવસની ઉજવણી કરવામાં આવી. શાળામાં બાળકોના માતા પિતાને શાળામાં બોલાવી બાળકો દ્વારા તેમનું ભારતીય સંસ્કૃતિ પરંપરા મુજબ પૂજન કરી વંદના કરવામાં આવી. માતૃદેવો ભવ, પિતૃ દેવો ભવના ગાન સાથે માતા પિતાની પ્રદક્ષિણા બાળકોએ પ્રદક્ષિણા કરતાં વાલીઓ ભાવ વિભોર બન્યા હતા.

શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકોને માતા-પિતાનું જીવનમાં મુલ્ય અંગે વ્યક્તવ્ય આપવામાં આવ્યું હતું. ભારતના મહાપુરૂષો,વીરબાળકો અને દેશભક્તોના ચરિત્રો વિષયક વાર્તાઓ રજૂ કરી માતા-પિતાના ઉત્તમ ઉછેરના ઉદાહરણથી બાળકોને સમજ આપી હતી. બાળકોએ પણ માતા પિતાનું જીવનમાં મહત્વ વિષે પોતાની લાગણી વ્યકત કરી નિત્ય વંદનનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં કાકાના ભેંસાવાડા પ્રાથમિક શાળા પરિવાર, એસએમસી સભ્યો, બાળકો અને વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

# લુણાવાડામાં સાવકી માતાએ માસુમ બાળકને ડામ આપ્યા : પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

લુણાવાડા,

લુણાવાડાના મધવાસ દરવાજા વિસ્તારમાં રહેતા મહંમદઅલી હબીબભાઈ વરાળીયા તેમની પત્નિ અને ૪ બાળકો સાથે રહે છે અને ઉમરગામમાં હોટેલમાં મેનેજર તરીકે નોકરી કરે છે. જયાં ૧ મહિનો હોટેલમાં નોકરી કરી ૧૫ દિવસ પત્નિ અને બાળકો સાથે લુણાવાડા આવીને રહે છે. મહંમદઅલીએ વર્ષ-૨૦૧૪માં પોતાની પ્રથમ પત્નિ સાથે લગ્ન કર્યા હતા. જેમાં સંતાનમાં તેમને બે છોકરાઓ છે જેમાં મોટો બાળક ૭ વર્ષનો અને બીજો ૨.૫ વર્ષનો છે. પરંતુ તેઓને તેમની પત્નિ સાથે મનમેળ નહિ મળતા પત્નિ સાથે વર્ષ-૨૦૨૦માં સામાજિક રીતે તલાક લઈ લીધી હતી. ત્યારબાદ વર્ષ-૨૦૨૨માં તેઓએ કુલસુમબીબી સાથે બીજા લગ્ન કર્યા હતા. જેમાં કુલસુમબીબીને પહેલા લગ્ન કર્યા હતા જેમાં બે સંતાનો હતા એમ મળી કુલ ૪ બાળકો સાથે કુલસુમબીબી પતિ સાથે લુણાવાડા રહે છે અને પતિ ઉમરગામ હોટેલમાં નોકરી હતો ત્યારે મહંમદઅલીના ૭ વર્ષના બાળકને સાવકી માતાએ નિર્દયતાથી ગરમ ચિપીયા વડે ડામ આપ્યા હતા. જયારે બાળક શાળાએ ગયુ અને તેના શરીર પર આવા નિશાન જોઈને શાળાના શિક્ષકો પણ અચંબામાં પડી ગયા હતા. અને બાળકના પિતાને ટેલિફોન કરીને જાણ કરી હતી. ત્યારબાદ બાળકના પિતાએ તેમની પત્નિને બાળકને માર મારવા અંગે પુછતા તેને જણાવ્યુ હતુ કે, તે વધારે તોફાન કરતો હોવાથી ગરમ ચીપીયા વડે માર માર્યો હતો. જેથી તેને શરીર પર છાલા પડી ગયા છે. બાળકના પિતા ઘરે આવીને જોતા બાળકને બંને પગને ભાગે ગરમ ચીપીયાથી માર મારવાથી છાલા(ડામ)પડી ગયા હતા. તેમજ ડાબી આંખ નીચેના ભાગે કાળુ ચાઠું પડી ગયુ હતુ અને માથાના ભાગે અને કમરના ભાગે ઈજાઓ પહોંચેલી હતી. બાળકને સારવાર કરાવ્યા બાદ પિતાએ પત્નિ સામે લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સાવકી માની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# બાલાસિનોરથી વિરણીયા ચોકડી સુધીનો માર્ગ ખખડધજ બન્યો

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના બાલાસિનોરથી વિરણીયા ચોકડી પાસે ગોધરા હાઈવેને જોડતો ૩૮ કિ.મી.નો રોડ રૂ.૯૭ કરોડની માતબર રકમ ખર્ચ કરીને નવો બનાવ્યો હતો પણ હાલ ખખડધજ હાલતમાં નજરે પડી રહ્યો છે. આ રોડ નવો તેમજ પહોળો બનતા લુણાવાડાથી વિરણીયા થઈને બાલાસિનોર અને અમદાવાદ જતા વાહનચાલકો માટે આ રોડ સલામત આશિર્વાદ રૂપ સાબિત થઈ રહ્યો હતો. ત્યારે આ રોડને ભ્રષ્ટાચારનુ ગ્રહણ લાગી ગયુ અને રોડ બનાવ્યાના થોડા જ સમયમાં ઠેર ઠેર મસમોટા ગાબડાઓ પડતા બિસ્માર થઈ ગયો છે જેના કારણે વાહનચાલકો અને રોડને અડીને જે ગામો આવેલા છે તે ગામના સ્થાનિક ગ્રામજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર રોડ જયારથી નવો બન્યો ત્યારથી જ હલકી કક્ષાનુ મટીરીયલ્સ વાપરવામાં આવી રહ્યુ હતુ અને નવીન રોડ બનાવવા જે ઉચ્ચ ગુણવત્તા હોવી જોઈએ તે જાળવવામાં આવી નથી જેથી ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. અને જે માટે અધિકારીઓ અને કોન્ટ્રાકટરની મિલીભગતના કારણે રોડ પર ટુંકા ગાળામાં ઠેર ઠેર મસમોટા ગાબડાઓ પડી જતા રોડ બિસ્માર થઈ જતા વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી વહેલી તકે સરકાર જાગે અને તાકિદે રિપેર કરે તે જરૂરી બન્યુ છે.

# મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કલેશ્વરી ખાતે શિવરાત્રી નિમિત્તે મેળો ભરાશે

ખાનપુર,

ખાનપુરની પવિત્ર ભૂમિ ઉપર કલેશ્વરી ખાતે પ્રાચીન કાળથી મહાશિવરાત્રી અને જન્માષ્ટમીને અનુલક્ષી લોકહૈયા હિલોળે ચડે તેવો ભવ્ય મેળો ભરાય છે. આ ભુમિ ઉપર ૨૨ વર્ષથી દેશભરના લોક કલાકારો અને વિચરતી-વિમુક્ત જનજાતિના કલાકારો નોંધપાત્ર સંખ્યામાં ઉમટી પડે છે.

મહાન ગુજરાતી સર્જક પન્નાલાલ પટેલની નવલકથા મળેલા જીવનમાં વર્ણન પામેલી નાયક-નાયિકાનુ મિલન સ્થાન બનતી અને પ્રેમને ઓળખથી એવી અજોડ ઘડીનો ઈતિહાસ આ કલેશ્વરીની નાળને પન્નાલાલ પટેલે વર્ષો પહેલાં પોતાના નવલકથામાં આલેખ્યો છે. એ ભૂમિ અને અલૈકિક પર્યાવરણીય મહત્વ ધરાવતા આ પ્રદેશમાં વર્ષમાં બે મેળા ભરાય છે. એક મહાશિવરાત્રી અને બીજો જન્માષ્ટમીએ કાઠીયાવાડમાં તરણે તરનો મેળો, કવાંટમા ભરાતો ગેરનો મેળો, દાહોદનો ગોળ ગધેડાનો મેળો, વ્યારાનો ઘોડાપીરનો મેળો, તેવી જ રીતે કલેશ્વરીમા શિવરાત્રીનો મેળો, જનજાતિ કલાકાર કવિ અને લેખકોનો મેળો લોકહૈયાને હિલોળે ચઢાવે છે. વિચરતા વિમુક્ત તેમજ આદિવાસી સહિત ગ્રામિણ સમુદાયો પોતાની નીજ જીવન પદ્ધતિને આજના રોકેટ ગતિના જમાનામાં પણ ગૌરવ પુર્ણ રીતે જાળવી સમાજ અને સરકાર તરફથી રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય અને વિકાસના ફળમાં ભાગીદારીની માંગ સાથે આગામી મહાશિવરાત્રીના મેળામાં મહારાષ્ટ્ર,કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિત સમગ્ર દેશભર માંથી વિચરતી-વિમુકત જનજાતિના જાણકાર કલાકારો આવનાર છે.

# મોરવા(હ) તાલુકાના અંદાજે ૧૦૦ દર્દીઓને બે માસ ચાલે તેટલી દવાખાને પ્રોટીન્સનું વિતરણ

ગોધરા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ ૨૦૨૫ માં ટીબી મુક્ત ભારતની ઝુંબેશમાં સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ ગોધરા, લાયન્સ કલબ ગોધરા તથા સાંઈ ઓર્ગેનાઈઝેશન યુએસએ ના ડોક્ટર યોગેશ જોશીના સંયુક્ત ઉપક્રમે ટીબી નાબૂદી અભિયાનમાં ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર દવા મળી રહે તેવા શુભ આશયથી મોરવા હડફ તાલુકાના અંદાજે ૧૦૦ જેટલા દર્દીઓને બે માસ ચાલે તેટલી દવા પ્રોટીન્સનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ડોક્ટર યોગેશ જોશી, પ્રીતિબેન જોશી ડોક્ટર રિતેશ પટેલ તથા મોરવા હડફ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંદિપ પટેલ આ સેવાયજ્ઞમાં જોડાયા હતા. લાયન્સ કલબ ગોધરાના સેક્રેટરી પ્રદિપ સોનીના જણાવ્યા મુજબ પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ ટીબીના દર્દીઓને સમયાંતરે પણ પોષણયુક્ત આહાર તથા દવાઓનું વિતરણ કરવામાં આવશે.

# મહીસાગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા સાઈકલોથોન યોજાઇ



મહિસાગર,

મહીસાગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા જનજાગૃતિ અભિયાન અંતર્ગત સાયકલિંગ અપનાવો આરોગ્યમય જીવન બનાવો સંદેશ સાથે જિલ્લા મથક લુણાવાડા જિલ્લા પંચાયત કચેરી ખાતેથી સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાઈકલોથોનને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સી.આર. પટેલ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા પંચાયત કચેરી થી જનરલ હોસ્પિટલ સુધી આ સાઈકલોથોનમાં સ્વાસ્થ્યપ્રેમીઓએ જોડાઈને આરોગ્ય અંગે જનજાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો હતો.

# કેસુડાના કેસરીયા માહોલ વગર ધુળેટી અધુરી, ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના જંગલોમાં ખાખરાના વૃક્ષ પર કેસુડાના ફૂલો ખીલી ઉઠ્યાં

ખાનપુર,

હોળીનો તહેવાર નજીક આવતા ખાખરાના વૃક્ષો પર ફૂલો ખીલવા માંડે છે. જેના કારણે પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઊઠે છે. હાલ બજારમાં મળતા વિવિધ રંગો સાથે એક સમય એવો હતો કે કેસુડાનાં ફૂલોના રંગ વડે હોળી ધુળેટીનો તહેવાર રમાતો હતો. કેસુડાના ફૂલો આર્યુવેદિક દ્રષ્ટિએ શરીર માટે ગુણકારી છે. ત્યારે ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વૃક્ષો ઉપર ઠેર ઠેર કેસુડાના ફૂલો મહેંકી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ચારે બાજુ કેસુડાના ફૂલો ખીલેલાં જોવા મળે છે. જેના કારણે વન વગડામાં અને ખેતરોના શેઢા પર ઉપર કેસુડાના ફૂલોથી સુંદરતામાં વધારો થયો છે. જયારે આ વિસ્તારના રસ્તાઓ પર આ મનમોહક દ્રશ્યો જોવા ઉભા રહેવાનું મન થાય છે.

# ભાક્ષી ગામમાંથી ઝડપાયુ સૌથી મોટુ રેતી ચોરી કૌભાંડ, બોટ મારફતે રેતી ચોરી કરાતી હતી

અમરેલી,

અમરેલી જિલ્લામાં વાંરવાર ખનીજ ચોરી ઝડપાયા કરે છે. જો કે ગઈકાલે મોડી રાતે જિલ્લાનું સૌથી મોટું રેતી ચોરીનું રેકેડ પકડાતા ખળભળાટ મચી ગયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી રાજુલા તાલુકામાં આવેલા ભાક્ષી ગામ નજીક રેતી ચોરી માટે અહીં પાણી ભરેલી નદીમાં ૪ જેટલી બોટ ઉતારવામાં આવી હતી. મોટું હીટાચી મશીન મુકવામા આવ્યુ હતુ, જો કે આ કૌભાંડમાં જિલ્લાના ૧ ઉચ્ચ અધિકારી અને દિગ્ગજ નેતા હોવાની ચર્ચા હતી. જેના કારણે કોઈ અધિકારી ચેકિંગ કરવાની હિંમત નહોતા કરતા તેવી માહિતી છે. જો કે રાજુલા પંથકમાં તાજેતરમાં મામલતદાર સંદીપ સિંહ જાદવની નિમણૂક કરવામાં આવી છે. આ અધિકારી દ્વારા ગેરકાયદેસર રીતે ચાલતી ખનીજ ચોરી સામે ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. મોડી રાતે અલગ અલગ ટીમો બનાવી ભાક્ષી ગામ નજીક રેતી કૌભાંડ ઉપર ત્રાટકતા ખળભળાટ મચી ગયો હતો. અહીં ૧ હિટાચી મશીન અને ૪ બોટ સીઝ કરી કાર્યવાહી હાથ ધરી છે. હજારો લાખો ટન રેતી ચોરી કર્યાનું મામલતદારની તપાસમાં ખુલ્યું છે. હવે સમગ્ર મામલે ખાણ ખનીજ વિભાગને જાણ કરી આ મુદ્દામાલ સોંપવામાં આવ્યો છે, અહીં કેટલી રેતી ચોરી અત્યાર સુધીમાં ચોરી કરવામાં આવી છે તેની તપાસ કરવામાં આવશે. માપણી કર્યા બાદ ખાણ ખનીજ વિભાગ કાર્યવાહી કરશે. આધારભૂત સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ રેતી ચોરીના સૌથી મોટા કૌભાંડ પાછળ રાજકીય નેતા અને જવાબદાર ઉચ્ચ અધિકારી સામેલ છે. રાજુલાના મામલતદાર સંદીપ સિંહ જાદવની ટીમ દ્વારા દરોડો પાડી રેતી ચોરીનું રેકેટ ઝડપી મામલો ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે. હાલ તો અમરેલી જિલ્લા ખાણ ખનીજ વિભાગની આબરૂના ધજાગરા ઉડી ગયા છે અને મામલતદારની જિલ્લા વહીવટી તંત્ર વિભાગમાં પ્રશંસા થઈ રહી છે, ખનીજ માફિયાઓ હાલમાં ભૂગર્ભમાં ઉતરી ગયા છે. મામલતદાર સંદીપ સિંહ જાદવે ટીવી નાઈન ડિજિટલને જણાવ્યુ હતુ કે, અહીં એક હિટાચી મશીન અને ૪ બોટ પકડાઈ છે, જે ગેરકાયદેસર રીતે ચાલતું હતું. હાલ ખાણ ખનીજ વિભાગને જાણ કરી છે. આ મુદ્દામાલ ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવશે.

## નેહરુ' સરનેમ બાબતે મોદીના નિવેદન સામે રાહુલનો વળતો પ્રહાર

# ભારતમાં વ્યક્તિના નામમાં પિતાની સરનેમ લગાવવામાં આવે છે. કદાચ પીએમ મોદી આ વાત જાણતા નથી



નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીએ તેમનું અપમાન કર્યું છે. સંસદમાં પીએમના ભાષણનો ઉલ્લેખ કરતાં રાહુલે કહ્યું- તેમણે કહ્યું હતું કે મારા નામમાં સરનેમ ગાંધી કેમ છે, નેહરુ કેમ નહીં. આ મારું અપમાન છે. ભારતમાં વ્યક્તિના નામમાં પિતાની સરનેમ લગાવવામાં આવે છે. કદાચ પીએમ મોદી આ વાત જાણતા નથી. કેરળમાં તેમના સંસદીય મતવિસ્તાર વાયનાડમાં એક સભાને સંબોધતાં રાહુલે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના મોઢા પર અદાણીનું નામ લાવતા નથી. પીએમ નરેન્દ્ર મોદી રાજયસભા અને લોકસભામાં પોતાની વાત રાખે છે, પરંતુ એક વખત પણ અદાણીનું નામ તેઓ લેતા નથી. મતલબ કે સરકાર આમાં ખરાબ રીતે ફસાઈ ગઈ છે. સરકાર તપાસથી કેમ ભાગી રહી છે? રાહુલે આગળ જણાવ્યું હતુ કે પીએમ પોતાને ખૂબ શક્તિશાળી માને છે. તેઓ વિચારે છે કે દરેક લોકો તેમનાથી ડરી જશે, પરંતુ તેઓ કદાચ જાણતા નથી કે તેઓ છેલ્લી વ્યક્તિ હશે, જેનો મને ડર હશે. મેં સંસદમાં જે કહ્યું એ સાચું હતું અને તેથી મારા મનમાં કોઈ ડર નહોતો. મારું અપમાન કરવાથી કંઈ નહીં થાય. સત્ય તો સામે આવશે જ.

તેમણે વધુમાં કહ્યું હતું કે મારો ચહેરો જુઓ અને જ્યારે તેઓ બોલે ત્યારે તેમની તરફ જુઓ. બોલતી વખતે તેમણે કેટલી વાર પાણી પીધું એ જુઓ. પાણી પીતી વખતે પણ તેમના હાથ ધ્રૂજી રહ્યા હતા. સંસદની કાર્યવાહીમાંથી મારા ભાષણનો એક ભાગ હટાવી દેવામાં આવ્યો હતો, પરંતુ પીએમના શબ્દો હટાવવામાં આવ્યા ન હતા. મેં કોઈનું અપમાન કર્યું નથી. મેં જે કહ્યું એના સંદર્ભમાં મને પુરાવા બતાવવા માટે કહેવામાં આવ્યું અને મેં લોકસભા-અધ્યક્ષને એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે પુરાવા સાથે દરેક મુદ્દાને દૂર કર્યા છે.

આ દેશમાં દરેક વ્યક્તિ માટે સંસદની કાર્યવાહી જોવી, દેશમાં શું ચાલી રહ્યું છે એ જાણવું મહત્ત્વપૂર્ણ છે. પીએમ અને અદાણી વચ્ચેની સાઠગાંઠ સમજવી જરૂરી છે. રાહુલે કહ્યું- થોડા દિવસો પહેલા મેં સંસદમાં આપણા વડાપ્રધાન અને અદાણી વચ્ચેના સંબંધો વિશે ભાષણ આપ્યું હતું. મેં મારી વાત ખૂબ જ વિનમ્રતાથી અને આદરપૂર્વક જણાવી હતી. મેં કોઈ ખરાબ ભાષાનો ઉપયોગ કર્યો નથી, કોઈની સાથે દુર્વ્યવહાર કર્યો નથી, મેં હમણાં જ કેટલીક હકીકતો રજૂ કરી છે. મેં માત્ર એટલું જ કહ્યું હતુ કે અદાણી પીએમ સાથે કેવી રીતે વિદેશપ્રવાસ કરે છે અને ત્યાર બાદ તરત જ તેમને આ દેશોમાં કોન્ટ્રેક્ટ મળી જાય છે. મેં સમજાવ્યું કે નિયમો કેવી રીતે બદલવામાં આવ્યા, જેથી અદાણીને આ એરપોર્ટ મળી શકે. અગાઉ જે લોકો એરપોર્ટ ચલાવવાનો અનુભવ ધરાવતા ન હતા તેઓ અરજી કરી શકતા નહોતા, પરંતુ અદાણીને પ્રક્રિયામાં સામેલ કરવા માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. નીતિ આયોગ અને અન્ય સંસ્થાઓએ આના પર ટિપ્પણી કરી અને કહ્યું હતું કે તેમને મંજૂરી ન આપવી જોઈએ, પરંતુ તેમ છતાં તેમને મંજૂરી આપવામાં આવી હતી. શ્રીલંકામાં જાહેર સુનાવણી દરમિયાન એક અધિકારીએ જણાવ્યું હતું કે પીએમ મોદીએ અદાણી પર પોર્ટ કોન્ટ્રેક્ટ આપવા માટે દબાણ કર્યું હતું. અદાણી અને વડાપ્રધાન ઓસ્ટ્રેલિયા જાય છે અને ભારતીય સ્ટેટ બેંક ખાણ પ્રોજેક્ટ માટે અદાણીને એક અબજ ડોલરની લોન આપી દે છે. મારા ભાષણ પછી મારું મોટા ભાગનું ભાષણ સંસદના રેકોર્ડમાં નોંધાયું ન હતું. ખરેખરમાં અદાણી અને અંબાણીનાં નામ એકસાથે લેવાં એ વડાપ્રધાનનું અપમાન માનવામાં આવે છે, પરંતુ તમે ઈન્ટરનેટ પર વડાપ્રધાન અને તેમની સાથેની તસવીરો જોઈ શકો છો. જ્યારે પીએમ દેશમાં હોય છે ત્યારે અદાણી કોઈ જાદુથી ત્યાં પહોંચી જાય છે. મેં જે કહ્યું એ બધું ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. તમે આ પ્રશ્ન ગૂગલને પૂછો અને તમને બધું મળી જશે. મંગળવારે લોકસભામાં કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ ગૌતમ અદાણી અને હિંડનબર્ગ રિપોર્ટ પર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સવાલ ઉઠાવ્યા હતા. રાહુલે ભારત જોડો યાત્રા દરમિયાન લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપીને તેમના ૪૫ મિનિટના ભાષણની શરૂઆત કરી હતી. પછી આ પ્રશ્નોને ટાંકીને ગૌતમ અદાણીના મુદ્દો ઉઠાવ્યો હતો.

# આપની આજ.......

મેષ : પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગ માટેની હોય. કોઈ વિશેષ મહેમાન સાંજે આવી શકે છે. આજે તમારું મન પ્રસન્ન રહેશે.

વૃષભ : આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો. પ્રગતિની આ ગતિ કાયમી રાખવી તે તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં તમારી પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

મિથુન : ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓથી દૂર રહો. ધાર્મિક સ્થળોની મુસાફરીનો યોગ છે. લગ્ન જીવનમાં પ્રેમ રહેશે. આર્થિક મામલે આજનો દિવસ શુભ રહેશે.

કર્ક : આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીમે ધીમે હવે તમારું નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે. આજે કેટલાંક મહત્વપૂર્ણ કાર્ય માટે લાંબા અંતરની મુસાફરી થઈ શકે છે.

સિંહ : આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. જો તમારા પૈસા ઘણાં સમયથી અટક્યા છે તો આજે તમે તે મેળવી શકો છો. પરંતુ આ માટે તમારે પ્રયત્ન કરવો પડશે. પારિવારિક જવાબદારીઓમાં બેદરકારી ના રાખો.

કન્યા : ગણેશજી કહે છે, કન્યા રાશિના લોકોને આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે. આધ્યાત્મિકતા અને ધાર્મિક કાર્યમાં પણ રુચિ વધશે. મુસાફરીનો યોગા બની રહ્યો છે, સમયનો ઉપયોગ સાથે તમારો સિતારો ચમકશે.

તુલા : આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો. પરંતુ ધ્યાનમાં રાખો કે આ બધી સમસ્યાઓ તમારા પ્રયત્નોથી પણ ઉકેલાઈ શકે છે. પરિવાર પ્રત્યે તમારું આ સમર્પણ તમને સુખ આપશે.

વૃશ્ચિક : આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો. નહીં તો તમારો માનસિક તણાવ પણ વધી શકે છે. તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે નહીં. જો તમારે કોઈ નવા કામમાં રોકાણ કરવું હોય તો સમજદારીપૂર્વક કરો.

ધનુ : ધન રાશિના લોકો આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશે. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે અસ્વસ્થ થવાની જગ્યાએ જો તમે વ્યવસાયની સમસ્યા ઉકેલવાનો કોઈ માર્ગ શોધવાનો પ્રયાસ કરો છો તો તે તમારા માટે સારું રહેશે.

મકર : આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો. જો તમે નોકરીમાં હોવ તો પણ આજે તમને લાભ મળવાની સંભાવના છે. પરિવારમાં પણ સુખ-શાંતિ રહેશે. આજે તમને દરેકનો પ્રેમ અને સ્નેહ મળશે.

કુંભ : આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશે. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે. આજે સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે આવી શકે છે. તમે ફક્ત તમારી હિંમત અને બુદ્ધિથી આ લોકોને હરાવી શકો છો.

મીન : આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો. નહીં તો તે પરત મળવાની સંભાવના નહિવત્ છે. તમારા માતા-પિતા અને ગુરુની સેવા અને આદર કરો. જે તમને દરેક ક્ષેત્રમાં લાભ આપશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં વ્યાજબી દરે બેન્ક લોન ધિરાણ કેમ્પનું આયોજન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વ્યાજબી દરે બેન્ક લોન ધિરાણ કેમ્પનું આયોજન નાયબ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયાના અધ્યક્ષ સ્થાને આજ રોજ પોલીસ હેડ ક્વાર્ટર, પોલીસ પરેડ ગાઉન્ડ દાહોદ ખાતે આયોજન કરાયું હતું. નાગરિકોને લોન અંગેના કેમ્પમાં સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લાના ધારાસભ્યો સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહયા હતા. આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો અને નાગરિકોને લોન પણ આપવામાં આવી હતી.

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, મુખ્યમંત્રીના માર્ગદર્શનના ગૃહમંત્રી દ્વારા રાજ્યભરમાં વ્યાજખોરીના દુષણને ડામવા વ્યાપક અભિયાન ચાલી રહ્યું છે. જે સંદર્ભે દાહોદ પોલીસ દ્વારા જે અભિયાન જિલ્લામાં ચલાવાય રહ્યું છે અને જે પગલાં લેવામાં આવી રહયા છે, તે પ્રસંશનીય છે.

ગરીબ-નાના માણસને ધંધા રોજગાર માટે નાણાકીય મદદની જરૂર રહે છે. સરકાર દ્વારા આ માટે વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય પણ અપાય છે. જેને લોકોએ જાણવી જોઈએ. જેથી વ્યાજની ચુંગાલમાં સામાન્ય માણસ ફસાય નહિ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ માટે મુદ્રા લોનની સુંદર પહેલ કરાઈ છે. જેમાં સામાન્ય માણસ જે લોન લે છે. તેની સરકાર ગેરન્ટી આપે છે. સામાન્ય માણસ હેરાન ના થાય એ માટે લોન માટેના સરકાર દ્વારા લાયનન્સ સહિતના નિયમો પણ લાગુ કરાયો છે. જેનાથી નાગરિકોએ અવગત થવું જોઈએ એમ જણાવી સાંસદએ સરકારે ગરીબ નાગરિકો માટે વિવિધ યોજનાકીય સહાયને પારદર્શક અને સરળ બનાવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ વેળા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ધારાસભ્ય રમેશભાઈ કટારા દ્વારા પ્રાસંગીક પ્રવચન આપ્યુ હતું.

જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધતા જણાવ્યું કે, રાજ્યમાં વ્યાજખોરીના દૂષણ સામે વ્યાપક અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે જિલ્લામાં પણ જાન્યુઆરી મહિના દરમિયાન સઘન અભિયાન ચલાવાયું હતું અને પર જેટલા લોક દરબારનું જિલ્લામાં વિવિધ સ્થળે આયોજન કરાયું હતું. આજનો કાર્યક્રમ પણ આ અભિયાનનો જ એક ભાગ છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં આ અભિયાન અંતર્ગત ૪૮ જેટલી અરજીઓ, ૧૨ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. વ્યાજખોરો સામે જિલ્લામાં કડક પગલા લેવામાં આવ્યા છે. લોકો લોન અંગેની સમજ મેળવે અને વ્યાજખોરોના ચુંગાલમાં ફસાય નહિ એ માટે સરકાર દ્વારા નિયમો બનાવાયા છે એના જાણકાર બનવું જોઈએ અને માન્ય સંસ્થાઓ પાસેથી જ લોન લેવી વધુ યોગ્ય હોવાનું જણાવ્યું હતું.

આ વેળા ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી,નાયબ પોલીસ અધિક્ષકઓ સહિત પોલીસ ઈન્સ્પેકટરઓ, લીડ બેન્ક મેનેજર સહિતના બેન્ક અધિકારીઓ-કર્મચારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ પાલિકાના શોપીંગ સેન્ટરની દુકાનોનું ભાડું ન ચુકવતા ભાડુઆતોની દુકાનો સીલ કરાઈ



દાહોદ,

દાહોદ નગર પાલિકાની માલીકીના શોપીંગ સેન્ટરમાં ભાડેથી ફાળવવામાં આવેલી કેટલીક દુકાનોના ભાડુઆતો દ્વારા ભાડુ ભરવામાં ન આવતા આવા ૨૨ જેટલી ભાડુઆતોની દુકાનોને પાલિકા પ્રમુખ તેમજ ચીફ ઓફિસરની સીધી સુચનાથી સેલ મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

દાહોદ નગર પાલિકામનો મોટા ભાગનો વહીવટ ટેક્સના નાણાંથી જ ચાલતો હોઈ શહેરીજનો દ્વારા પુરેપુરો ટેક્સ ભરપાઈ ન કરાતા તેમજ પાલિકાની માલીકીના શોપીંગ સેન્ટરમાં ભાડેથી ફાળવવામાં આવેલ દુકાનોના ભાડા પણ ભાડુઆતો દ્વારા સમયસર ન ચુકવાતાં આ મામલે આવા ભાજુઆતો સામે પાલિકાએ લાલ આંખ કરી છે અને દર્પણ રોડ પર આવેલ એફ.પી. ૮૫ શોપીંગ સેન્ટરમાં ૧૪ જેટલા ભાડુઆતો, સ્ટેશન રોડ પર ત્રણ ભાડુઆતો, પડાવ શોપીંગ સેન્ટરમાં ત્રણ ભાડુઆતો, એફ.પી. ૯૫ હરીજનવાસમાં એક ભાડુઆત તથા જુની કોર્ટ રોડ પર એક ભાડુઆત મળી કુલ ૨૨ જેટલા ભાડુઆતો પોતાની દુકાનનું નિયમિત રીતે ભાડુ ભરતા ન હોવાથી દાહોદ નગર પાલિકા પ્રમુખ તેમજ ચીફ ઓફીસરની સીધી સુચનાથી નગર પાલિકા પ્રમુખ તેમજ ચીફ ઓફીસરની સીધી સુચનાથી નગર પાલિકા મકાનભાડા કલાર્ક તેમજ વસુલાત સ્ટાફ સાથે રહી અંદાજીત ૨૨ જેટલી દુકાનોને સીલ મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે અને પાલિકાના શોપીંગ સેન્ટરમાં ભાડુઆતોમાં જેઓના ભાડાનો રકમ બાકી હોય તેવા ભાડુઆતોમાં દોડધામ મચી જવા પામી છે.

# સ્વસ્થ મન સ્વસ્થ ઘરની દાહોદમાં અનોખી ઉજવણી : તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સાયકલોથોન રેલી યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સ્વસ્થ જીવનશૈલીથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય મેળવી શકાય છે. જેનો ખુબજ સરળ અને પર્યાવરણને પણ ઉપયોગી થઈ પડે એવો ઉપાય છે રોજિંદા કામકાજમાં સાયકાલ જેવા સાધનોનો ઉપયોગ કરવો.

રાજ્ય સરકાર લોકોને સ્વાસ્થ્ય જાળવવા માટે વિવિધ કાર્યક્રમો થકી અવેરનેસ લાવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે વ્યાપક જનજાગૃતિ આવે એ માટે સ્વસ્થ મન સ્વસ્થ ઘરની ઉજવણી આજ રોજ કરવામાં આવી છે. ત્યારે આજે દાહોદ જિલ્લાના તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સાયકલોથોન રેલી યોજીને લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

તદ્દનુસાર, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવના માર્ગદર્શન હેઠળ ''સ્વસ્થ મન સ્વસ્થ ઘર'' ઉજવણીના ભાગરૂપે ૧૪ ફેબ્રુઆરીના રોજ સાયકલેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ જીલ્લાના તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતેથી સાયકલ રેલીનું આયોજન કરીને લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગ્રુત કરાયા હતા.

સાયકલ ચલાવવા થી થતા ફાયદાઓ જેવા કેહદયની બીમારી થી બચાવે છે, કોલેસ્ટ્રોલ ઘટાડે છે, વજન ઓછું કરવામાં મદદ રૂપ છે, તણાવ ઓછો કરે છે, સાંધાના દુખાવામાં રાહત રહે છે, ઊંઘ પણ સારી આવે છે.

આમ, તેના પ્રચાર પ્રસાર અર્થે અને લોકોમાં જાગૃતિ આવે તેના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલી સાયકલ રેલીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

# દાહોદના ધારાસભ્યએ ટીબીના કુલ ૩૩ દર્દીને દત્તક લઈ ન્યુટ્રીશન કીટનું વિતરણ કર્યું હતું



દાહોદ,

પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૨૫ અન્વયે ટીબી રોગ નિર્મૂલન માટે જનભાગીદારીથી દર્દીના નિર્મૂલન માટે પોષણ સહાય આપવાની યોજના શરૂ કરાઈ છે.

યોજનામાં વિવિધ સરકારી ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્ર, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, સંસ્થાઓ કે સામાજીક કાર્યકર, કે નાગરિકો વ્યક્તિગત ધોરણે ટીબીના દર્દીને પોષણ સહાય આપવા માટે દત્તક લઈ શકે છે. જે અન્વયે આજ રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેટિયા ખાતે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દ્વારા કુલ ૩૩ ટીબીના દર્દીઓને ન્યુટ્રિશન કીટ આપવામાં આવી હતી અને તેમણે દર્દીઓને દત્તક લીધા હતા.

આ કાર્યક્રમમાં રેટીયા ગ્રામ પંચાયતના સરપંચ અનિલભાઈ માવી, જીલ્લા ક્ષય અધિકારી ડો. આર. ડી. પહાડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો ભગીરથ બામણિયા, મેડીકલ ઓફીસર ડો કિંજલ નાયક , આરોગ્ય કર્મચારીઓ સહિત દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગરબાડાના આરોગ્ય કર્મીઓ દ્વારા સાયકલેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

રાજય સરકારની સૂચના અનુસાર તેમજ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ, જિલ્લા ક્વોલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો. રાકેશ વહોનીયા અને તાલુકા આરોગ્ય અધિકારી ડો.ડાભીના માર્ગ દર્શન હેઠળ ગરબાડા તાલુકાના વિવિધ ૩૧ હેલ્થ અને વેલનેશ સેન્ટર અને ૧૦ પી.એચ.સી ખાતે સાયકલેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સાયકલ ચલાવવા થી થતા ફાયદાઓ જેવા કે.... (૧) હદયની બીમારી થી બચાવે, (૨) છેકોલેસ્ટ્રોલ ઘટાડે છે, (૩) વજન ઓછું કરવામાં મદદ રૂપ છે, (૪)તણાવ ઓછો કરે છે, (૫) સાંધાના દુખાવામાં રાહત રહે છે, (૬) ઊંઘ પણ સારી આવે છે, (૭) હેપ્પી હોર્મોન રિલીઝ કરે છે, (૮) પેટ્રોલની પણ બચત કરે છે અને સ્વાથ્ય પણ સારૂં રાખે છે. આમ, તેના પ્રચાર પ્રસાર અર્થે અને લોકોમાં જાગૃતિ આવે તેના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા સાયકલ રેલી યોજવામાં આવી.

# શ્રી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પેથાપુર ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો



દાહોદ,

શ્રી માદયમિક અને ઉચ્ચ. માદયમિક શાળા પેથાપુરમાં કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન શાળાના આચાર્ય ચેતનભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજી કોલેજ ઑફ એજ્યુકેશન સંતરામપુરના પ્રોફેસર સવાઈલાલ પુવાર એ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ બાદ કયા કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાથી ઉજવળ કારકિર્દી બનાવી શકાય તેમજ કોલેજમાં પ્રવેશથી લઇને બાળકોની દરેક કારકિર્દીની સમસ્યાને લગતું સચોટ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ સચોટ માર્ગદર્શન થી ઉજ્જવળ કારકિર્દી બનાવીને સમાજમાં ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરે અને કોઈ મૂંઝવણ હોય તો દૂર કરી શકે એવા ઉમદા હેતુ થી આ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા અંતે શાળાના મદદનીશ શિક્ષક પી.આર. પંચાલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના લીમડી જીવનજ્યોત વિદ્યાલયમાં શહિદ દિનની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

જીવન જ્યોત વિદ્યાલયમાં વેલેન્ટાઇન નહીં પરંતુ બ્લેક ડે નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ આપી મોન પાડવામાં આવ્યું હતું. ૧૪ મી ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઇન દિવસ સમગ્ર ભારતમાં પાશ્ચાત્ય સંસ્કૃતિના ઉત્સવ પાછળ આંધળી દોટ મૂકી પ્રેમ... પ્રેમના ગીતો ગાવામાં આવે છે. ત્યારે વન્ડરફુલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જીવન જ્યોત્ત વિદ્યાલય લીમડી અને આર.એમ.દેવડા માધ્યમિક સ્કૂલ લીમડીના આચાર્ય કુલદીપ પી. મોરી દ્વારા શાળા કેમ્પસમાં વેલેન્ટાઇન દિવસના બદલે આજનો દિવસ ૧૪ મી ફેબ્રુઆરી બ્લેક ડે તરીકે શામાટે ઉજવવામાં આવે છે. તે વિષય બાળકોને પૂરતી માહિતી આપી આપણા સ્વાતંત્ર સેનાની ભગતસિંહને ૧૪ મી ફેબ્રુઆરીના રોજ ફાંસી આપવામાં આવી હતી. તેમજ પુલવા એટેકમાં ૬૦ જેટલા જવાન શહીદ થયા તેની યાદમાં શાળા પટાંગણમાં તેમજ શાળાના વર્ગખંડમાં આજના દિવસ નિમિત્તે બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શાળાના મદદનીશ આચાર્ય શૈલેષભાઈ ભાભોર તથા ધોરણ ૯ અને ૧૦ ના શિક્ષક મિત્રો દ્વારા આજનો દિવસ વેલેન્ટાઇન એક ન્યુસન્સ રૂપ છે. તેના વિશે માહિતી આપી અને વિદ્યાર્થીઓ આ તરફના પ્રેરાય તેવી પ્રેરણા આપી હતી.

# રેડ પાડ્યા બાદ વાડીનો નજારો જોઈ ચોંકી ગીર સોમનાથ પોલીસ, હાથ લાગી આખેઆખી હથિયારોની ફેક્ટરી



ગીરસોમનાથ,

ગીર સોમનાથ જીલ્લો કે જે આમ તો હરિધામ કહેવાય છે. પરંતુ આજ ગીર સોમનાથ જિલ્લામાં ગીરના જંગલ અને અરબી સમુદ્ર પણ આવેલો છે. જેને કારણે અનેકવાર ક્રાઈમની ઘટનાઓ બનતી હોય છે, જેમાં વન્ય પ્રાણીઓનો શિકાર કરવાથી લઈ હમણાં થોડા સમય પહેલાં ડ્રગ્સ પણ મળી આવ્યુંહતું. ત્યારે ગીર સોમનાથના ઈતિહાસ કયારેય ન પકડાયું તેટલા પ્રમાણમાં હથિયારો પકડાયા છે. ગીર સોમનાથમાં હથિયારોની મિની ફેક્ટરી ધમધમતી હોવાની બાતમી એસઓજી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે મિની ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા. તાલાલા તાલુકા ગુંદરણ ગામે એસઓજી પોલીસે બાતમીના આધારે મોડી રાત્રે ખાબકી હતી અને પોલીસે ગુંદરણ ગામે રાત્રે વાડી વિસ્તારનો નજારો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અહીં પોલીસને એક બે નહિ, પરંતુ અલગ અલગ પ્રકારના હથિયારોનો મોટો જથ્થો સામે જોઈ પોલીસ દંગ રહી ગઈ હતી.

ગીર સોમનાથ એસસોજી પોલીસે ગુંદરણ ગામેથી દેશી બનાવટની ૪ બંદૂક કાર્ટુસ (૩૦ લોખંડની ગોળી) ૨૦, મોટા છરા, દારૂ ગોળો ભરેલી કોથળી, ગન પાવડર, ડ્રિલિંગ મશીન, વેલ્ડીંગ મશીન, ગેસનો બાટલો અને ૧૩ તલવાર, ગુપ્તી ત્રણ ધારિયા સહિતનો કુલ ૨૩ હથિયાર મળી આવ્યા હતા. જેમાં પોલીસે ગુંદરણ ગામના વાડી માલિક રામસિંહ રામા કરગરિયાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જોકે મોટો સવાલ એ છે કે આ ગેરકાયદે હથિયારની મિની ફેક્ટરી ૨ વર્ષથી ધમધમતી હોવાનો પોલીસનો ખુલાસો છે અને અનેક હથિયારનો અન્ય જગ્યાએ વેપાર પણ થયો હોવાની આશંકા સેવાય રહી છે. એટલું જ નહિ, આ ગેરકાયદેસર હથિયારથી અનેક ગુનાઓને અંજામ પણ અપાયું હશે. કારણ ગુંદરણ ગામ ગીર જંગલને અડીને આવેલું છે. જે તમામ રહસ્યો ઉપરથી પરદો ઉંચકવા પોલીસ દ્વારા રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં આરોપીને રજૂ કરાશે.

# લીમખેડાના અગારા (ઉ) પગાર કેન્દ્ર શાળા માં માતૃ-પિતૃ દિન કાર્યક્રમ યોજાયો



લીમખેડા,

લીમખેડા તાલુકાની અગારા (ઉ) પ્રાથમિક શાળામાં ભારતીય સંસ્કૃતિને આધીન માતૃ-પિતૃ દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને તેમના બાળકો દ્વારા તેમનું પૂજન અને વંદન કરાવવામાં આવ્યું. સી.આર.સી. કો.ઓ. જશુભાઇ બામણિયાદ્વારા માતૃ-પિતૃ દિન વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ આચાર્ય કલસિંગભાઈ એ માતા પિતા ની સેવા વિષે યોગ્ય માર્ગદર્શન આપ્યું. માતા પિતાની લાગણી સાંભળી બાળકો તેમજ તેમના માતા પિતાના હૃદયમાં પ્રેમ પ્રગટ થતાં સૌની અશ્રુ ભીની થઇ.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

પૈસાના અભાવે કે શારીરિક અશકિત કે ઘડપણને કારણે કોઈ દિવસ બહારગામ નહિ જઈ શકતા એવા ઝૂંપડપટ્ટીમાં રહેતા ૫૫ આહારના લાભાર્થીઓને આજે તારીખ ૧૪૨૨૩ ના રોજ આહાર સંસ્થા દ્વારા ફસ્ટ એડ કીટ તથા રસોઈયા સાથે લકઝરી બસ થકી ઉજ્જૈન, ખજુરાહો, ચિત્રકૂટ, છપૈયા, બનારસ, અયોધ્યા, પ્રયાગરાજ, ઓમકારેશ્વર વગેરે ધાર્મિક સ્થળોના ૧૦ દિવસના પ્રવાસે લઈ જવાયા. ઉંમરલાયક લોકોને અગવડ ન પડે તે માટે સંસ્થાએ ધર્મશાળાને બદલે તમામ પ્રવાસીઓ માટે હોટલ બુક કરાવી છે.

# કન્યા શાળા ગરબાડામાં માતૃ વંદના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

ગરબાડા,

કન્યા શાળા ગરબાડામાં અવારનવાર સહઅભ્યાસિક પ્રવૃતિના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. આજ રોજ તારીખ૧૪ ના શાળામાં વિદ્યાર્થીનીઓના ચારિત્ર્ય ઘડતરના ભાગરૂપે, જરૂરી સંસ્કાર સિંચન થાય તેવા પવિત્ર હેતુસર માતૃ વંદના દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આ શાળામાં ભણતી બાલિકાઓ દ્વારા કુમકુમ-તિલક અને આરતી વંદના કરી માતાનો મહિમા પ્રકટ કર્યો. આ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા શૈલાદેવી ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય શૈલાબેન ગોહિલના માતૃ મકનબેન ગોહિલ તથા એસએમસી અધ્યક્ષ હર્ષદભાઈ, એસએમસી સભ્યો, શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીનીઓ, શાળામાં અભ્યાસ કરતી બાલિકાઓના માતૃઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.149

# શહેરા પશુ દવાખાના પાસે ઘરમાં ધમધમતા કત્તલખાનામાં ૩૨૫ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે ઈસમો ઝડપ્યા

શહેરા,

શહેરા પોલીસે પશુ દવાખાના પાસેના રહેણાંક ઘરમાં ધમધમી રહેલા કતલખાના પર રેડ કરતા ૩૨૫ કિલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૩૨૫ કિલો ગૌમાંસનો જથ્થો તેમજ અન્ય ચીજ વસ્તુઓ મળીને રૂપિયા ૬૬,૭૫૦/–ના મુદ્દામાલ જપ્ત કરીને બે કસાઈને પકડી પાડયા હતા. પોલીસે પકડી પાડેલા બે કસાયોની પૂછપરછ હાથ ધરવામાં અનેક નામો ખુલી શકે તેવી શક્યતા જોવાઈ રહી છે.

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલા પશુ દવાખાના પાસેના એક રહેણાંક ઘરમાં મોઈન બેલીમ અને મોહસીન બેલીમ ગૌમાંસનો ગેરકાયદેસર વેપલો કરતા હોવાની માહિતી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુતને મળી હતી. પોલીસને મળેલી માહિતીના આધારે પોલીસ મથકના પી.એસ.આઈ શૈલેષ ડામોર અને પી.એસ.આઈ સતીષ કામોળ સહિત પોલીસનો અન્ય સ્ટાફ સ્થળ ખાતે પહોંચી જઈને સમગ્ર વિસ્તારને ઘેરી લઈ રેઈડ કરી હતી. પોલીસ દ્વારા રહેણાંક ઘરમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા ત્યાં જોવા મળતા દ્રશ્યોને જોતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સ્થળ પરથી પોલીસને ગૌમાંસનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૩૨૫ કિલો ગૌમાંસનો જથ્થો કબજે લઈ તેના પૃથ્થકરણ માટે સ્થળ પર પશુ ચિકિત્સકને બોલાવવામાં આવ્યા હતા અને તેઓ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ નગર પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા તમામ જથ્થાનો જમીનમાં દાટી દઈ નાશ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખીય છે કે, ગેરકાયદેસર ગૌમાંસનો આટલો મોટો જથ્થો પોલીસ દ્વારા અહીંથી પકડવામાં આવ્યો હોય ત્યારે હજુ પણ અનેક જગ્યાએ છુપી રીતે આવા કતલખાના ચાલતા હશે તો નવાઈ નહી, પોલીસે કસાઈ મોઈન ઉર્ફે મયુદ્દીન યુસુફ ઉર્ફે ઈસુબ બેલીમ ઉંમર ૨૩ રહે.પશુ દવાખાના પાસે શહેરા, મોહસીન યુસુફ ઉર્ફે ઈસુબ બેલીમ રહે. પશુ દવાખાના પાસે શહેરાની ધરપકડ કરવામાં આવવા સાથે પકડાયેલ કસાઈની પૂછપરછમાં બીજા અન્ય ઈસમોના નામો ખુલી શકે તેવી શક્યતા રહેલી છે. પોલીસે કતલખાના પરથી ૩૨૫ કિલો ગૌમાંસનો જથ્થો તેમજ અન્ય ચીજ વસ્તુઓ મળીને રૂપિયા ૬૬,૭૫૦/–ના મુદ્દામાલ જપ્ત કરીને બે કસાઈની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પોલીસ દ્વારા પકડી પાડેલા આરોપીના રિમાન્ડ મેળવીને વધુ પૂછપરછ સાથે તપાસ કરવામાં આવે તો અન્ય નામો ખુલી શકે તેવી શક્યતા રહેલી છે.

# કાલોલની ગોમા નદીના પટમાંથી રેતી ખનનને લઈ જંગલ જમીન અને વૃક્ષોનું નિકંદન

કાલોલ,

કાલોલ ગોમા નદીમાં સરેઆમ થઈ રહેલા ગેરકાયદેસર રેતી ખનન, બેટ ખનન, માટી ખનન અને જંગલ ખનનથી ભુગર્ભ, પર્યાવરણ અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનુ નુકસાન થઈ રહ્યુ છે. નદીના પટ અને તટીય વિસ્તારોનુ નિકંદન નીકળી રહ્યુ છે જેના માટે તંત્રના પેટનુ પાણી હાલતુ નથી.

કાલોલ ખાતે આવેલી ગોમા નદીના પટ વિસ્તારમાં ઘણા સમયથી અવિતરપણે ચાલતા અને કોઈપણ પ્રકારની રોકટોક કે પરવાનગી વગર નિયમિત રીતે થતાં રેતી અને માટીનુ ખનન કરતા માફિયાઓને કારણે ગોમા નદીના ભુગર્ભ અને પર્યાવરણને મોટુ નુકસાન પહોંચાડી રહ્યા છે. ગોમા નદીમાં બેફામ રીતે થતાં આ ખનનથી ગોમા નદીના કાંઠા અને પટમાં ઠેર ઠેર મોટા ખાડાઓ પડેલા જોવા મળી રહ્યા છે. કાલોલ નગર સંલગ્ન સમાવેશ ગોમા નદીના હદ વિસ્તારમાં એક પણ લીઝ ફાળવી નથી. તેમ છતાં પણ નદી પટમાં બેફામપણે દરરોજ ટ્રક, ટ્રેકટરો, જેસીબી મશીન અને ગધેડાઓ મારફતે ટન બંધ માટી અને રેતીનુ ખનન કરી રહ્યા છે. જેમાં કાલોલ તથા નજીક આવેલા દોલતપુરા, જેતપુર, ગોળીબાર અને કાલોલના વેરાઈ માતાના મંદિર પાસેથી દરરોજ રેતી ભરેલ ૩૦/૪૦ જેટલા ટ્રેકટરો તદ્ઉપરાંત માટી અને બેટ ભરેલા ૧૦/૨૦ જેટલા ટ્રકો ખનન માફિયાઓ દ્વારા બહાર કાઢી રહ્યા છે. રેતી ખનન કરતા તત્વોએ કોઈ રોકટોક વિના સ્મશાન ભુમિ વિસ્તારના વૃક્ષોનુ પણ નિકંદન કાઢીને રેતી ખનન કરીને સ્મશાનભુમિની સુરક્ષા દિવાલો સુધી ઘુસી ગયા છે. જેના કારણે આગામી ચોમાસામાં નદીના પુર સાથે એ દિવાલો ધરાશાયી થઈ જવાની નોબત આવી ગઈ છે. જેની કાલોલમાં જવાબદાર એવા પાલિકા તંત્ર, સરકારી તંત્ર, અને ખાણ–ખનીજ વિભાગની જાણ હેઠળ ખનન કરીને વેપલો કરી રહ્યા છે. તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી. ખેડુતોના ગ્રામજનોના કુવાના પાણીના લેવલ પણ નીચા જાય છે અને નદીના કિનારાનુ ધોવાણ થતાં નજીકના વિસ્તારોમાં મુશ્કેલીઓ પડી રહી છે. કાલોલમાં ખનીજ વિભાગનુ જતન કરવાની જવાબદારી જિલ્લા ખાણ ખનીજ વિભાગ કરતા પણ વધારે સ્થાનિક નગરપાલિકા, પોલીસ અને મામલતદાર વિભાગને પણ સોંપવામાં આવી છે.

# નવરચના શાળા ગોધરા દ્વારા દેશભક્તિ કાર્યક્રમ સાથે સન્માન કાર્યક્રમનું આયોજન



ગોધરા,

નવરચના શાળા ગોધરામાં એ મેરે પ્યારે વતન, તુજ પે દિલ કુર્બાન દેશ કે નામ એક શામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો ૦૫ થી ૧૦ના ૭૭ બાળકોએ દેશભકિત ગીત નૃત્ય રજુ કર્યુ હતું. કાર્યક્રમના બીજા ભાગમાં મ્યુઝિકલ પાર્ટી દ્વારા દેશભકિત ગીત પોતાની શૈલીમાં રજુ કર્યા હતા.

કાર્યક્રમમાં ગીનીઝ રેકોર્ડમાં સ્થાન મેળવનાર શાળાના આચાર્ય ફિરોઝખાન પઠાણ, માજી આચાર્યા શેહનાઝબેન મંસુરીનો સન્માન કરવામાં આવ્યો હતો. જયારે ટાટા નિબંધ સ્પર્ધાના ત્રણ વિજેતા આયશા ઘાંચીભાઈ, મુબશ્શીરા કોઠી અને લામીયા પઠાણનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં પ્રોજેક્ટ રજુ કરનાર ૧૨ બાળકો મલીહા આલમ, લામીયા પઠાણ, આલીયા દડી, જુવેરીયા મંસુરી, અનીકા મંસુરી, આફિયા દડી, સબીહા જમસા, સબીહા પિત્તલ, જિશાન ફોદા, સફવાન શેખ, ઈરશાદ મામજી અને અરશદ મંસુરી અને આચાર્ય ફિરોઝખાન પઠાણ, ઈમરાનભાઈ પોલા, સદફ મંસુરી, જાવેદ જુજારા, સુફિયાન કાલુ અને આસીયા રેંજરને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સરોજબેન બામણીયા, સુફીયાન કાલુ, રંજનબેન સોલંકી, આસીયા રેંજર, ડીમ્પલબેન પટેલ, ઉસ્માન અરબ, સદફબેન મંસુરી, હેમાંગીબેન ચાંપાનેરી, સુષ્માબેન ક્રિચિયન, સુરેશ સોલંકી, હેતલબેન રાણા, ઈમરાન પોલા, બાબુ વરીયા, વૈશાલીબેનના માર્ગદર્શન હેઠળ આઠ કૃતિ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ ટ્રસ્ટી મંડળ દ્વારા શાળાના તમામ યુનિટનો આભાર વ્યક્ત કરી પ્રોત્સાહિત કરી શુભેચ્છા પાઠવી હતી.

# શહેરા લખારા સોસાયટી પાસે રોંગ સાઈડે આવતાં બાઈકની અડફેટમાં રાહદારીને ઈજાઓ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરમાં હાલોલ–શામળાજી હાઈવે માર્ગ ઉપર અકસ્માતની બે ઘટના બની હતી. લખારા સોસાયટી પાસે રોગ સાઈડ આવતી બાઈકની અડફેટે રાહદારીને સામાન્ય ઈજા પહોંચી જ્યારે બીજા બનાવમાં બાઈક સ્લીપ ખાતા ચાલકને સામન્ય ઈજા પહોંચી હતી.

શહેરા નગરમાં અકસ્માતની બે ઘટનાઓ બનવા પામી હતી. આ બનેલા બે બનાવોમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. આ બે અકસ્માતની ઘટનાઓના સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયા હતા. લખારા સોસાયટી પાસે પસાર થતા હાલોલ–શામળાજી હાઈવે માર્ગ પર આ અકસ્માતની ઘટનાઓ બની હતી. જેમાં એક બાઈક ચાલક રોગ સાઈડ ગાડી ચલાવીને રોડ નજીક ઈલેક્ટ્રીક દુકાનના વેપારીને બાઈક અથાડીને ચાલક ફરાર થઈ ગયો હતો. બીજી ઘટના રોડની બીજી સાઈડ બની જેમા બાઈક ચલાવી રહ્યો હતો અને બાઈક અચાનક સ્લિપ ખાઈ જતાં ચાલકને સામન્ય ઈજા પહોંચવા સાથે આ બે અકસ્માતની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. ઉલ્લેખનીય છે કે, લખારા સોસાયટી પાસે પસાર થતો હાઈવે માર્ગ ઉબડખાબડ બનવા સાથે મસમોટા ખાડાઓ પણ પડી જવાના કારણે અવારનવાર આવા બનાવો બનતા હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને કોઈપણ ગંભીરતાથી લેવામાં ન આવવાના કારણે વાહન ચાલકોનો આક્રોશ પણ જોવા મળી રહ્યો હતો.

# પુલવામાં હુમલામાં શહીદ થયેલા જવાનોને કોમર્સ કોલેજ ગોધરાની અનોખી શ્રદ્ધાંજલિ



ગોધરા,

શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે તારીખ ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ આતંકવાદીઓ દ્વારા દેશના વીર જવાનો પર કાયરાનો હુમલો કરી ૪૪ જેટલા જવાનોને શહીદ કરી દીધા હતા. ત્યારે દેશ માટે શહીદી વહોરી લેનાર શહીદોને ૧૪ ફેબ્રુઆરીએ કોમર્સ કોલેજ ગોધરાના વિદ્યાર્થીઓએ યાદ કરી બે મિનિટનું મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં ખૂબ વિશાળ રેલી કાઢી ‘‘ભારત માતાકી જય’’ના નારા સાથે ‘‘શહીદો અમર રહો’’ના નારા બોલાવી પુનઃ હોલમાં આવ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓએ દિપક અથવા મીણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ અરૂણસિંહ સોલંકી દ્વારા પુલવામાં હુમલા વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી અને ત્યારબાદ કોલેજની વિદ્યાર્થીની કુ. મુસ્કાન શેખ દ્વારા ‘‘ જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.........’’નું દેશભક્તિનું ગીત રજૂ કરતા ઉપસ્થિત વિદ્યાર્થીઓની આંખોમાં ઝળહળીયા આવી ગયા હતા. તમામ વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા હતા અને દેશના જવાનો માટે આભારની લાગણી વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટાભાગે બ્લેક કપડા પહેરી આ દિવસને ‘બ્લેક ડે’ તરીકે પણ ઉજવ્યો હતો.

# બગીડોળ પ્રાથમિક શાળામાં ડિજીટલ મેળો યોજાયો



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

ગોધરા તાલુકાના બગીડોળ પ્રાથમિક શાળામાં પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન અમૂલ SAPના સહયોગ થી કોડ ઉન્નતિ પ્રોજેક્ટ હેઠળ ડિજિટલ મેળો અને અંગ્રેજી ફેસ્ટ–૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યુ હતું. બાળકો દ્વારા કોમ્પ્યુટર અને અંગ્રેજી શિક્ષણને રસપ્રદ બનાવતા કુલ ૩૫ વિવિધતા સભર મોડેલનું નિર્માણ કરી પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય બાળકો દ્વારા ગ્રામજનો અને આમંત્રિત મહેમાનોને પ્રદર્શનની સમજ આપવામાં આવી હતી. માર્ગદર્શક કિંજલ ગોર અને કાજલ અડિયલ તથા શાળા પરિવારના કાર્યને સૌએ બિરદાવ્યું હતું.

# શહેરા સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૪ મો પાટોત્સવની ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૪ મો પાટોત્સવની ઉજવણી સંતો દ્વારા મહાપૂજા ઘનશ્યામ મહારાજનો અભિષેક તેમજ અન્નકૂટ અને આરતી કરીને કરાઈ હતી. મંદિર ખાતે હરી ભક્તોએ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા સાથે સત્સંગ સભા અને મહાપ્રસાદીનો લ્હાવો લીધો હતો.

શહેરા નગરમાં હોળી ચકલા વિસ્તારમાં આવેલ સ્વામિનારાયણ મંદિરનો ૨૪ મો પાટોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો.અમદાવાદ કાલુપુર નરનારાયણ દેવના આચાર્ય મહારાજ કૌશલેન્દ્ર પ્રસાદ મહારાજ આજ્ઞાથી નરનારાયણ નવ યુવક મંડળ દ્વારા પાટોત્સવનું આયોજન કરવામાં આવતા મંદિર ખાતે સંત હરિસ્વરૂપદાસજી સ્વામી, મુની સ્વામી, વાસુદેવ સ્વામી દ્વારા મહાપુજા તેમજ ઘનશ્યામ મહારાજનો અભિષેક ત્યારબાદ અન્નકૂટ ધરાવવામાં આવ્યા બાદ મહા આરતી કરવામાં આવી હતી. મંદિર ખાતે તાલુકા પંથક માંથી તેમજ અન્ય ગામો માંથી આવેલા હરિભક્તોએ ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા સાથે સત્સંગ સભા અને મહાપ્રસાદીનો લ્હાવો લીધો હતો.

# કાલોલ પાલિકાના સફાઈ કામદારોના PF અને ગ્રેજયુઈટીના નાણાં જમાં ન થતાં MLAને રજુઆત

કાલોલ,

કાલોલ નગરપાલિકા દ્વારા એકાદ માસ પહેલા નવા આવેલ ચીફ ઓફિસર હિરલબેન ઠાકર અને પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય સહિત પાલિકા હોદ્દેદારોની હાજરીમાં કાલોલ નગરપાલિકાના સફાઈ કામદારોને પીએફ અને ગ્રેજયુઈટીના ચેક વિતરણનો સમારોહ રાખેલ હતો અને મસમોટી જાહેરાતો કરી તમામ સફાઈ કામદારોને બાકી નાણાં ચુકવી આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. ત્યારે પરિસ્થિતિ કઈંક અલગ જ છે. કાલોલ નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા મનહરભાઈ મહાસુખભાઈને ગ્રેજ્યુઈટીના નાણાં મળી ગયા છે. પરંતુ તેઓના પ્રોવિડન્ટ ફંડના નાણાં હજુ મળ્યા નથી. આ અંગે નિવૃત્ત સફાઈ કામદારના પુત્ર અલ્પેશભાઈ દ્વારા વારંવાર પીએફના નાણાં મેળવવા પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને રજુઆતો કરી અરજીઓ પણ આપી છે. તેમ છતાં પણ તેમના પિતાનુ પ્રોવિડન્ટ ફંડ મળતુ નથી. આ ઉપરાંત રાજેશભાઈ ડાહ્યાભાઈને પણ પીએફ અને ગ્રેજયુઈટીના નાણાં હજુ સુધી મળ્યા નથી. વધુમાં સફાઈ કામદાર બહેનોને પણ પીએફનુ ફોર્મ ભરાવી દીધુ છે. પણ આગળની કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. તેવો આક્ષેપ સફાઈ કામદાર બહેનો દ્વારા કરાયો છે. આ બાબતે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સમક્ષ પણ સફાઈ કામદારના પુત્ર દ્વારા સર્કિટ હાઉસ ખાતે કરવામાં આવી છે. ત્યારે કાલોલ નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોના બાકી પડતા પીએફ અને ગ્રેજયુઈટીના નાણાં સત્વરે ચુકવી આપે તેવી માંગ કરવામાં આવી છે.

# ગોધરાના હમીરપુર રોડ વકાર બેકરી બાજુ ૪ ઈસમોએ ભાગીદારીના ધંધાના પૈસા લેવા મારામારી કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા હમીરપુર રોડ વકાર બેકરીની બાજુમાં રહેતા ફરિયાદીના ઘરે ચાર ઈસમો ગાળો આપી ત્રણ વર્ષ પહેલા પેપ્સીનો ધંધો ભાગીદારમાં કરેલ તેના પૈસા લેવાના બાકી છે. તેમ કહી લાકડી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરાના હમીરપુર રોડ વકાર બેકરીની બાજુમાં રહેતા ઈસ્માઈલ સાદિક બુઢાના ઘરે આરોપીઓ અશરફ સલીમ ખરાદી, સોયેલ સલીમ ખરાદી, આસીફ મોહમંદ સમોલ, મુજસીમ મોહમંદ સમોલ આવીને ગાળો આપી હતી અને જાફર કયાં છે. તેની સાથે ત્રણ વર્ષ પહેલા પેપ્સીનો ધંધો ભાગીદારીમાં કરેલ તેના પૈસા લેવાના નિકળે છે. તેમ કહી ગાળો આપતાં ગાળો બોલવાની ના પાડતાં આરોપી અશરફ ઉશ્કેરાઈ જઈ લોખંડની પાઈપ મોસીન સિદ્દીક બુંઢાને માથામાં મારી તેમજ અન્ય ઈસમે હલીમ દાઈને હાથમાં લાકડીનો ફટકો મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આરોપી ઈસમો વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા પાલિકાએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૨૮ લાભાર્થીઓની સહાય રદ્દ કરી

ગોધરા,

સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના લાભાર્થીને ૬ હપ્તા પેટે રૂ.૩.૫૦ લાખની સહાય ચુકવવામાં આવે છે. ગોધરા શહેરના વિસ્તારમાં યોજનાનો લાભ લેવા લાભાર્થીએ નગરપાલિકામાં અરજી કરવાની હોય છે. ગોધરા પાલિકામાં અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૮૨૪ લાભાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી છે. જેમાંથી ૫૮૬ લાભાર્થીઓ પૈકી ૪૯૬ લાભાર્થીઓએ બાંધકામ પુર્ણ કરી દીધુ છે. તેમજ ૨૧૭ લાભાર્થીઓ એવા પણ છે કે તેઓને યોજનાનો લાભ લેવા ફાઈલ મુકીને મંજુરી મળી ગઈ હોવા છતાં તેઓએ જાતે પોતાની સહાય કેન્સલ કરાવી દીધી છે. જયારે ગોધરા શહેરી વિસ્તારના ૨૮ લાભાર્થીઓની સહાય મંજુર થઈ હતી. તેઓને મંજુરી મળ્યાના ૪૫ દિવસમાં બાંધકામ શરૂ કરીને ૯ માસમાં બાંધકામ પુર્ણ કરવાનુ હતુ પરંતુ આ ૨૮ લાભાર્થીઓએ બાંધકામનુ કામ ચાલુ કર્યુ ન હોવાનુ જાણવા મળતા પાલિકાએ આવા લાભાર્થીઓને નોટિસ આપી હતી. નોટિસ આપવા છતાં લાભાર્થીઓએ કામ ચાલુ ન કરતા પાલિકાએ બોર્ડમાંથી મંજુરી મેળવીને ગોધરા શહેરના ૨૮ લાભાર્થીઓની સહાય રદ્દ કરી દીધી હતી.

# ગોધરાની શ્રેયા મૌલિન શુકલ ને ઉત્કૃષ્ટ પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

ગોધરા,

ગોધરા શહેરના રહેવાસી અને રાજય પારિતોષિક વિજેતા શિક્ષક અને હાસ્ય કલાકાર એવા દિવાકર શુકલના પુત્રવધૂ શ્રેયા મૌલિન શુકલને તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ વડોદરા ખાતે ત્રિવેદી મેવાડા કેળવણી મંડળ, વડોદરા દ્વારા ઉત્કૃષ્ટ પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમ દરમ્યાન શ્રેયાબેને વ્યસન એટલે વિનાશ વિષય પર એટલૂ હદયસ્પર્શી વકતવ્ય રજૂ કરેલ કે જેથી પ્રેરિત થઈને એક વ્યકિત એ ત્યાજ વ્યસનને તિલાંજલી આપી દીધી હતી.

# મોરવા હડફ તાલુકાના સંતરોડ ગામે ઘરઆંગણે પાર્ક કરેલી બાઈકની અજાણ્યા વાહનચોર ઈસમે ઉઠાંતરી કરી હતી

ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા હડફ તાલુકાના સંતરોડ ગામે આવેલા ગણેશનગર સોસાયટીમાં રહેતા સુરેશચંદ્ર વીરસિંગ પટેલે મોરવા હડફ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગત ૯ તારીખે રાતના સમયે પોતાની બાઈક સ્ટેરીંગ લોક મારીને ઘરઆંગણે પાર્ક કરી હતી, ત્યારે અજાણ્યા વાહનચોર ઈસમે બાઈકનું સ્ટેરીંગ લોક તોડીને બાઈકની ઉઠાંતરી કરી હતી, ત્યારે સમગ્ર મામલે પોલીસે ચોરીની ફરિયાદ નોંધીને અજાણ્યા વાહનચોર ઈસમની શોધખોળ હાથ ધરી છે.

# ગોધરા તાલુકાના ચુંદડી ગઢ ગામે ખેતરમાં ઈલેકટ્રીક મોટર થી પાણી મૂકી બંધ કરતાં કરંટ લાગવાથી ૧૮ વર્ષીય યુવકનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ચુંદડી (ગઢ) ગામે રહેતા ૧૮ વર્ષીય યુવક ખેતરમાં આવેલ કુવામાં મુકેલ મોટર ચાલુ કરી ખેતરમાં પાણી મુકી બંધ કરતી વખતે કરંટ લાગતા મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ચુંદડી (ગઢ) ગામે રહેતા સતિષભાઈ અર્જુનભાઈ પટેલ ઉ.વ.૧૮ પોતાના ખેતરમાં આવેલ કુવામાં મુકેલ મોટર ચાલુ કરી ખેતરમાં પાણી મુકયા બાદ મોટર બંધ કરતી વખતે અકસ્માતે મોટરનો વીજ કરંટ લાગતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધાવા પામ્યો.

# પ્રેમને અભિવ્યકત કરવાનો, પામવાનો કે ઈઝહાર કરવાનો દિવસ એટલે વેલેન્ટાઈન ડે...

ગોધરા,

સોશિયલ મીડિયામાં આજ રોજ વહેલી સવારથી જ યુવાઓ સાથે પરણિત યુગલો એ પણ બી માય વેલેન્ટાઈન ની પોસ્ટ મૂકી સોશિયલ મીડિયા ગજવી મૂક્યું હતું. તો આજે ગુલાબ નાં ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો.

ગોધરા શહેરમાં યુવાઓ દ્વારા વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજીયનો દ્વારા વેલેન્ટાઈન ડે નાં દિવસે શહેરમાં આવેલી વિવિધ કોલેજો ખાતે કોલેજના યુવક યુવતીઓ ભેગા થઈ ઉજવણી કરી હતી. ત્યારે વેલેન્ટાઈન ડે નિમિતે શહેરમાં આવેલી ગિફ્ટ આર્ટિકલ, ગ્રીટિંગ કાર્ડ, ચોક્લેટ્સ, ટેડી બિયર, કપડાંની દુકાનોને વિવિધ રીતે સજાવવામાં આવી હતી. તો સાથે સાથે યુવાઓએ વિવિધ ગિફ્ટ આર્ટિકલ, ગ્રીટિંગ કાર્ડ, ગુલાબ, ટેડી બિયરની ખરીદી પણ કરી હતી. ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લામાં યુવાઓ દ્વારા વેલેન્ટાઈન ડે ની ઉજવણી માટે અનેરો થનગનાટ સાથે ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારે ગોધરા શહેર ની આજુ બાજુમાં આવેલી હાઈવે હોટલો, રેસ્ટોરન્ટ ઉપર કોલેજના યુવક યુવતીઓ તેમજ પ્રેમી પંખીડાઓ થી ઉભરાયેલી જોવા મળી હતી. ત્યારે ગોધરા શહેરમાં આજ રોજ ગુલાબ પણ મોંઘા થયા હતા. પ્રેમને અભિવ્યક્ત કરવા માટે આજ કાલ યુવાઓની સાથે પરણિત યુગલોમાં પણ ભારે ઉત્સાહ જણાયો હતો. આજ રોજ વહેલી સવાર થી જ સોશિયલ મીડિયામાં યુવાઓ સહિત પરણિત યુગલો એ બી માય વેલેન્ટાઈન ની પોસ્ટ મૂકી સોશિયલ મીડિયા ગજવી મૂક્યું હતું.